ગાંધીનગર સમાચાર

# બદનક્ષીના કેસમાં કેજરીવાલની ધરપકડ

નવી દિલ્હી, તા. ૨૧

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરી દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલી બદનક્ષીની ફરિયાદના સંબંધમાં બે દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. કેજરીવાલને હવે બે દિવસ સુધી તિહાર જેલમાં રહેવું પડશે. કેજરીવાલે ૧૦૦૦૦ રૂપિયાના જામીન બોન્ડ ચુકવવાનો ઈન્કાર કર્યા બાદ કોર્ટે આ પગલા લીધા હતા. ૨૩મી મેના દિવસે કેજરીવાલને ફરી કોર્ટમાં રજૂ કરવામાં આવશે. કેજરીવાલે કોર્ટ સમક્ષ કહ્યું હતું કે, તેઓ આ કેસમાં જામીન બોન્ડ રજૂ કરશે નહીં. કારણ કે, આ કોઈ રાજકીય સ્વરુપના નથી. આના બદલામાં તેમણે ખાતરી આપી હતી કે, દરેક સુનાવણી વેળા કોર્ટ સમક્ષ ઉપસ્થિત થશે. આમ આદમી પાર્ટીના વડાએ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ગોમતી મનોચા સમક્ષ જણાવ્યું હતું કે, તેઓ ભ્રષ્ટાચાર સામે લડી રહ્યા છે જેથી જામીનની માંગ કરશે નહીં. તેમણે કોઈ ખોટુ કામ કર્યું નથી. ગડકરીને ભ્રષ્ટ વ્યક્તિ તરીકે ગણાવીને વિવાદ છેડ્યા બાદ કોર્ટ

દ્વારા કેજરીવાલ સામે સમન્સ જારી કરવામાં આવ્યું હતું. કેજરીવાલના વકીલે કહ્યું હતું કે, સમગ્ર ભ્રષ્ટાચારના કેસોમાં તેઓ જામીન લેવા ઈચ્છુક નથી. વકીલે એમ પણ કહ્યું હતું કે, કેજરીવાલ ન્યાયથી ભાગશે નહીં. કોર્ટે કહ્યું હતું કે, જામીન બોન્ડની રકમ જમા કરાવીને જામીન મેળવી શકાય છે. જામીન બોન્ડ કાયદાની પ્રક્રિયા છે. કેજરીવાલે કોર્ટ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે આ રાજકીય સ્વરુપનો કેસ છે જેથી જામીન બોન્ડ માંગશે નહીં. આમ આદમી પાર્ટીનું નેતૃત્વ કરતા હોવાથી આમ આદમી જેવું વર્તન કરવા કોર્ટે કેજરીવાલને સલાહ આપી હતી. બીજી બાજુ ભાજપના નેતા ગડકરીના વકીલે કેજરીવાલની અરજી સામે વિરોધ કર્યો હતો. ગડકરીએ ફરિયાદમાં કહ્યું હતું કે, ૩૧મી જાન્યુઆરીના દિવસે કેજરીવાલે ભારતના સૌથી ભ્રષ્ટ લોકોની યાદી જારી કરી હતી જેમાં તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગડકરીએ કોર્ટમાં એમ પણ કહ્યું હતું કે, તેમની સામે કેજરીવાલ દ્વારા ખોટા, આધારવગરના અને બદનક્ષીના નિવેદન કરવામાં આવ્યા છે.

### કસ્ટડીની સાથે સાથે.....

- કેજરીવાલ ૨૩મી મે સુધી જેલમાં રહેશે
- પટિયા હાઉસ કોર્ટમાં કેજરીવાલને રજૂ કરાયો
- મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા આદેશ કરવામાં આવ્યો
- ૧૦૦૦૦ જામીન બોન્ડ આપવા કેજરીવાલે ઈન્કાર કર્યો
- તેમની સાથે ખાસ પ્રકારનું વર્તન કરવામાં આવે કે કેમ તેવો પ્રશ્ન કોર્ટે કર્યો
- સમન્સ જારી કરવામાં આવ્યા બાદ કેજરીવાલ કોર્ટમાં ઉપસ્થિત થયા
- આમ આદમી પાર્ટીના હોવાથી આમ આદમી જેવું વર્તન કરવા કોર્ટે સલાહ આપી
- ન્યાયથી કેજરીવાલ ભાગશે નહીં તેવી તેમના વકીલે રજૂઆત કરી
- કેજરીવાલે ૩૧મી જાન્યુઆરીના દિવસે ભારતના સૌથી ભ્રષ્ટ લોકોની યાદી જારી કરી હતી જેમાં ગડકરીના નામનો ઉલ્લેખ કરાયો હતો
- ગડકરીએ આની સામે વાંધો ઉઠાવીને કેસ કર્યો હતા

## ઓરિસ્સાના મુખ્યમંત્રી તરીકે પટનાયકના શપથ

ભુવનેશ્વર, તા. ૨૧

ઓરિસ્સાના મુખ્યમંત્રી તરીકે નવીન પટનાયકે આજે શપથ લીધા હતા. ચોથી અવધિ માટે ઓરિસ્સાના મુખ્યમંત્રી તરીકે તેમની તાજપોશી કરવામાં આવી છે. રાજ્યપાલ એસસી જામીરે નવીન પટનાયકને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ૬૭ વર્ષીય નવીન પટનાયકે

તાજેતરમાં જ યોજાયેલી ચૂંટણીમાં તેમની પાર્ટીને શાનદાર જીત અપાવી હતી. શપથવિધિ કાર્યક્રમમાં ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. પક્ષના નેતાઓ ઉપર કાર્યકરો, અધિકારીઓ અને પત્રકારો પણ રાજ્યના પાટનગર ભુવનેશ્વરમાં રાજભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ઓરિસ્સામાં હાલમાં યોજાયેલી ચૂંટણીમાં નવીન પટનાયકના નેતૃત્વમાં તેમની પાર્ટીએ ૧૯ બેઠક જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. આ ઉપરાંત વિધાનસભાની ચૂંટણીમાં પણ તેમની પાર્ટીએ ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી હતી. તેમની લોકપ્રિયતા અકબંધ રહી છે જેથી તેઓ ચોથી વખત હવે મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળવા જઈ રહ્યા છે.

## પટણા બ્લાસ્ટના સંબંધમાં ચાર આતંકવાદી ઝડપાયા

રાંચી,તા. ૨૧

પટણા સિરિયલ બ્લાસ્ટ કેસના સંબંધમાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી એનઆઈએને આજે મોટી સફળતા હાથ લાગી હતી. પટણામાં નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન થયેલા બોંબ બ્લાસ્ટના સંબંધમાં ઈન્ડિયન મુઝાહિદ્દીનના ચાર કુખ્યાત શખ્સોની આજે ધરપકડ કરવામાં આવી હતી. ૨૭મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે પટણામાં નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન સિરિયલ બ્લાસ્ટમાં આજે મોટી સફળતા હાથ લાગી હતી. ઝારખંડ પોલીસ જે વધારે માહિતી હજુ સુધી આપી રહી ન હતી અને તમામ બાબતો ગુપ્ત રાખી રહી હતી. આજે જણાવવામાં આવ્યું હતું કે, ઈન્ડિયન મુઝાહિદ્દીનના ચાર આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. ઝારખંડ પોલીસના પ્રવક્તા અનુરાગ ગુપ્તાએ માહિતી આપતા કહ્યું છે કે, ધરપકડ અંગે તેમની પાસે માહિતી આવી ચુકી છે પરંતુ આને સમર્થન મળી રહ્યું નથી. ગુપ્તાએ કહ્યું હતું કે, લોકલ કોર્ટમાં આ લોકોને રજૂ કરવામાં આવી ચુક્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, બાતમી મળ્યા બાદ એનઆઈએના અધિકારીઓએ રાંચીમાં સિથિયો ગામમાં દરોડા પાડ્યા હતા અને નુમાન અંસારી, તોફિક અંસારી, હૈદર અને મજીઉદ્લ્લાની ધરપકડ કરી હતી. આ ઝડપાયેલા ત્રાસવાદીઓ એનઆઈએની મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ હતા. બ્લાસ્ટના એક મહિના બાદ એનઆઈએ દ્વારા તેમની ધરપકડ તરફ દોરી જનાર કડીમાં રોકડ ઈનામની જાહેરાત પણ કરવામાં આવી હતી. નુમાન અંસારી, તોફિક અંસારી, હૈદર અને મુઝીઉલ્લા રાંચીના છે. નુમાન અંસારી, તોફિક અંસારી અને મુઝીઉલ્લા સિથિયો ગામના છે. આ ગામ રાંચીથી ૨૦ કિલોમીટરના અંતરે છે. તપાસના હેતુસર સ્થાનિક પોલીસની મદદ એનઆઈએ દ્વારા માંગવામાં આવી હતી. પટણા સિરિયલ બ્લાસ્ટમાં અનેક લોકોના મોત થયા હતા.

આ મામલાથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યું હતું. એનઆઈએની ચૂંટણીમાં ઘણા અધિકારીઓ સામેલ હતા. સિરિયલ બ્લાસ્ટમાં અનેક લોકોના મોત બાદ મોદીની સુરક્ષા પણ વધારવામાં આવી હતી. પટણામાં નરેન્દ્ર મોદી ચૂંટણી રેલી યોજી રહ્યા હતા ત્યારે જ ૧૭મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે તેમની રેલી નજીક જ બ્લાસ્ટ થયા હતા.

## દિલ્હીના મુખ્યમંત્રી બનવા કિરણ બેદી તૈયાર

નવીદિલ્હી, તા. ૨૧

ભૂતપૂર્વ આઈપીએસ ઓફિસર અને ટીમ અણ્ણાના સભ્ય કિરણ બેદીએ આજે કહ્યું હતું કે, તેઓ જો તેમને ઓફર કરવામાં આવશે તો દિલ્હીમાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનવા માટે તૈયાર છે. કિરણ બેદીએ કહ્યું હતું કે, તેઓ જો ઓફર કરવામાં આવશે તો વિચારણા કરવામાં આવશે. જો તેમને ભાજપમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનાવવામાં આવશે તો તેઓ બનશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કિરણ બેદીએ હકારાત્મક જવાબ આપ્યો હતો. પ્રતિષ્ઠિત આઈપીએસ ઓફિસર કિરણ બેદીને પ્રોજેક્ટ કરવાની હિલચાલ ચાલી રહી છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં યોજાયેલી

વિધાનસભાની ચૂંટણીમાં પક્ષના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે હર્ષવર્ધનને પ્રોજેક્ટ કરવાનો નિર્ણય ભાજપ દ્વારા કરાયો હતો. હર્ષવર્ધન ચાંદની ચોકમાંથી લોકસભાની ચૂંટણીમાં જીતી ગયા હતા. એવી અટકળો ચાલી રહી છે કે, કિરણ બેદીને ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે રાખવામાં આવશે. આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારી ભાજપ દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. નીતિન ગડકરીએ કહ્યું છે કે, કિરણ બેદી દિલ્હીમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે હોઈ શકે છે. છેલ્લા ઘણા મહિનામાં નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી ચુકેલા કિરણ બેદીએ ગઈકાલે રાજકારણમાં સામેલ થવાને લઈને નિર્દેશ કર્યો હતો. કિરણ બેદીએ કહ્યું હતું કે, આ સંદર્ભમાં તેઓ સક્રિયપણે વિચારણા કરી રહ્યા છે. મજબૂત લોકપાલ બિલ માટે આંદોલન દરમિયાન ટીમ અણ્ણાની સાથે એક મેમ્બર તરીકે રહી ચુકેલા કિરણ બેદીએ કહ્યું હતું કે, તેઓ ઓફર કરવામાં આવશે તો વિચારણા કરશે. કિરણ બેદીએ મોદીની લીડરશીપની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, તેઓ અસરકારકરીતે દેશનું નેતૃત્વ કરશે. કિરણ બેદીએ એમ પણ કહ્યું હતું કે, દેશ સ્વતંત્ર બાદ નવી દિશામાં આગળ વધી રહ્યું છે જેમાં નવી આશા દેખાઈ રહી છે. સોમવારના દિવસે હકાલ પટ્ટી કરવામાં આવેલા એએપીના ધારાસભ્ય વિનોદ કુમાલ બિન્ની પણ ભાજપને મળ્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી પદના હોદ્દા માટે બેદીના નામ ઉપર જુદા જુદા રાજકીય પક્ષો વિચારણા કરી રહ્યા છે.

## મુંબઈમાં ઉપનગરીય ટ્રેન સર્વિસ ખોરવાતા મુશ્કેલી

મુંબઈ, તા. ૨૧

**મહારાષ્ટ્રમાં આજે સવારે વ્યસ્ત કલાકો દરમિયાન સેન્ટ્રલ રેલવેની ઉપનગરીય સેવા ખોરવાઈ ગઈ હતી. સેન્ટ્રલ રેલવેની મુખ્ય લાઇન અને હારબર લાઇન ઉપર ઉપનગરીય સેવા ખોરવાઈ ગઈ હતી. મળેલી માહિતી મુજબ મેઇન લાઇન ઉપર કલ્યાણ ખાતે તમામ ચારેય લાઇન ઉપર સિગ્નલ ફેલિયોરની સ્થિતિ સર્જાઈ હતી. આ બનાવ સવારે ૯.૩૦ વાગે બન્યો હતો જેથી અપ અને ડાઉન દિશામાં સેવા ખોરવાઈ ગઈ હતી. રેલ સેવાને માઠી અસર થતાં લોકો અટવાઈ પડ્યા હતા. આવી જ રીતે થાણે અને પાનવેલ વચ્ચે દોડતી ટ્રેન સેવાને પણ માઠી અસર થઇ હતી. ફ્રેક્ચર ૭.૩૦ વાગે જાણવા મળતા તરત જ નોંધ લેવામાં આવી હતી. સેવા ખોરવાઈ જવાના કારણે લોકો પણ અટવાઈ પડ્યા હતા. વ્યસ્ત કલાકમાં આ અસર જોવા મળી હતી. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં મોટી સંખ્યામાં લોકો ઉપનગરીય ટ્રેન સેવાનો ઉપયોગ કરે છે. આવી સ્થિતિમાં ટ્રેન સેવા ખોરવાઈ જતા લોકોને અસર થઇ હતી. જુદી જુદી જગ્યાઓએ કર્મચારીઓ અટવાઈ પડ્યા હતા.**

## બીજા દિવસે પણ ડોલર સામે રૂપિયો વધુ નબળો

અમેરિકી ડોલર સામે રૂપિયામાં ઘટાડાનો દોર આજે બીજા દિવસે પણ જારી રહ્યો હતો. આયાતકારો તરફથી ડોલરની જોરદાર માંગ રહેવાના પરિણામ સ્વરુપે ડોલર મજબૂત થયો હતો જ્યારે રૂપિયો તુટ્યો હતો. વિદેશી મૂડીરોકાણકારોએ એક મહિનામાં પ્રથમ વખત સ્થાનિક શેરનું મોટાપાયે વેચાણ કર્યું છે. મંગળવારના દિવસે વિદેશી મૂડીરોકાણકારોએ અબજો રૂપિયાના શેર વેચી દીધા હતા. ૧૬મી એપ્રિલ બાદથી પ્રથમ વખત વિદેશી રોકાણકારોએ શેરનું વેચાણ કર્યું હતું. ભાજપના નેતૃત્વમાં સરકાર કેન્દ્રમાં આવશે અને નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનશે તેવી આશા બાદ આ વર્ષે રૂપિયામાં બે ટકાનો ઉછાળોમાં નોંધાયો હતો.

## અમિત શાહના વધતા કદથી સીબીઆઇની ટીમ દુવિધામાં

નવી દિલ્હી,તા. ૨૧

ઉત્તરપ્રદેશમાં ભાજપને ઐતિહાસિક જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર અને ભાજપની જીતમાં મુખ્ય હિરો રહેલા અમિત શાહના વધતા કદના કારણે હવે તપાસ સંસ્થા સીબીઆઈની દુવિધા પણ વધી ગઈ છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાસ વ્યક્તિ હોવાના કારણે પણ સીબીઆઈની તકલીફમાં હવે વધારો થઈ રહ્યો છે. કારણ કે તપાસ સંસ્થા સીબીઆઈ તેમની સામે ત્રણ એન્કાઉન્ટર કેસમાં તપાસ કરી રહી છે. ભાજપના નેતાઓએ શાહનો બચાવ કરતા કહ્યું છે કે આ તમામ કેસો રાજકીયરીતે પ્રેરિત છે. શાહ ૨૩મી મેના દિવસે મુબઈમાં ખાસ સીબીઆઈ કોર્ટમાં હાજર થઈ શકે છે.ત્યારબાદ જ કોર્ટ સોહરાબુદ્દીન શેખ , તેની પત્નિ કૌસર બીબી અને તુલસીરામ પ્રભાપતિ એન્કાઉન્ટર મામલે તેમની સંડોવણીને લઈને ચાર્જ મુકવા નિર્ણય કરી શકે છે. શાહે માર્ચ ૨૦૧૩માં દાખલ કરવામાં આવેલા એક નિવેદનમાં કહ્યું હતું કે આ સમગ્ર મામલે તેમની સામે કોઈ પુરાવા નથી. જેથી તેમને આ કેસમાંથી મુક્ત કરી દેવા જોઈએ. સીબીઆઈના એક સિનિયર અધિકારીએ કહ્યું છે કે તપાસ સંસ્થાએ તાજેતરમાં જ શાહની અરજીના વિરોધમાં પોતાના જવાબ રજૂ કર્યા છે. જેમાં એ બાબતોનો ફરી ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કે શાહની સામે ખટલો ચલાવવા માટે પુરતા પુરાવા છે. આ અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું હતું ક મુક્ત કરવાની માગ કરતી શાહની અરજીને ફગાવી દેવામાં આવે તે જરૂરી છે.

હવે આ નિર્ણય કોર્ટ દ્વારા કરવામાં આવશે. શાહને નિર્દોષ છોડી મુકવામાં આવે કે પછી તેમની સામે હત્યાના આરોપ મુકવામાં આવે તે અંગે હવે કોર્ટ નિર્ણય કરશે. રાજકીય માહોલમાં શાહની ભૂમિકાને ધ્યાનમાં લઈને તપાસ સંસ્થા માટે આ કેસ હવે દુવિધાભર્યો બની ગયો છે. સીબીઆઈનો દુરુપયોગ કરવાનો ભાજપે હમેંશા યુપીએ પર આક્ષેપ કર્યો છે.

## સમાચાર ઝલક

- *'હીરો' હવે વાયદા બજારમાં આવ્યો, હીરા બજારમાં મોટી તેજીનાં અણસાર.*
- *જમ્મુમાં બસ ખાઇમાં ખાબકી ૧૭નાં મોત.*
- *ગુજરાતમાંથી અમરનાથના દર્શન કરવા એક લાખ યાત્રાળુઓ જશે.*
- *જનતાના પૈસા વસૂલવા માટે ગુનેગારોને છૂટા ન મુકાય : સુપ્રીમ કોર્ટ.*
- *રાજ્યમાં દોઢ લાખ મોબાઇલ જોડાણો ઘટ્યા.*
- *અડાલજના ચેહર માતાના ભુવાએ અજુગતી માગણી કરતાં સુરતની પરણિતા પુત્ર સાથે નર્મદા કેનાલમાં કુદી પડી.*
- *થાઇલેન્ડમાં માર્શલ લો જાહેર કરાયો, અમેરિકાએ ચિંતા વ્યક્ત કરી.*
- *વલસાડ જિલ્લાના આછવણી ગામે ૭૫ વ્યક્તિઓને ખોરાકી ઝેરની અસર.*
- *મહારાષ્ટ્રમાંથી દારૂ લઇ આવતી કાર નાળામાં ખાબકી, બુટલેગર ઇજાગ્રસ્ત.*
- *બેંક ગ્રાહકોના રક્ષણ માટે રીઝર્વ બેંક નવી માર્ગદર્શિકા બહાર પાડશે.*
- *પગારદાર વર્ગ માટે બજેટમાં રાહતો મળે તેવી શક્યતા.*
- *મધ્યપ્રદેશમાં ઉદ્યોગ ખાતાના સંયુક્ત નિયામક પાસેથી ૧૦ કરોડની સંપત્તિ જપ્ત કરાઇ.*
- *પુસ્તકોની આવક દાન કરતાં લેખિકા સોનલ મોદી.*
- *ન્યુયોર્કમાં એક અરજદારને કૂતરું કરતાં કરોડો રૂપિયાનો દાવો કર્યો.*
- *હવે રૂા. ૨૦ અને ૫૦ની પણ નકલી ચલણી નોટો બજારમાં ફરતી થઇ છે.*
- *રશિયન ધનાઢ્ય પતિએ પત્નીથી છૂટાછેડા મેળવવા રૂા. ૨૬૪૮ કરોડ ચૂકવ્યા.*
- *લિબિયામાં હિંસાચાર, ક્રૂડતેલના ભાવોમાં વધારો.*
- *આગામી દિવસોમાં કાળઝાળ ગરમી પડવાની આગાહી.*

## અમેરિકન સેન્ટર પર થયેલા હુમલામાં સામેલ બે અપરાધીની મૃત્યુદંડની સજા કારાવાસમાં ફેરવાઈ

નવી દિલ્હી,તા. ૨૧

સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૨માં કોલકાતાના અમેરિકન સેન્ટર પર થયેલા હુમલામાં સામેલ રહેલા અપરાધીઓની મૃત્યુદંડની સજાને આજે આજીવન કારાવાસમાં ફેરવી નાંખી હતી. બે અપરાધીઓની મૃત્યુદંડની સજાને કારાવાસમાં ફેરવવામાં આવી હતી. જસ્ટિસ એકે પટનાયક અને જસ્ટિસ ફકીર મોહમ્મદ ઈબ્રાહિમ કાલીફુલ્લાની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે તેમની મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવતા કહ્યું હતું કે, અપરાધીઓ પૈકીના એક આફતાફ અહેમત અન્સારી આજીવન સુધી જેલમાં રહેશે. જ્યારે અન્ય અપરાધી જમાલુદ્દીન નાસિર કોઈપણ રાહત વગર ૩૦ વર્ષ સુધી જેલમાં લહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૬મી જાન્યુઆરી ૨૦૦૨ના દિવસે અમેરિકન સેન્ટર પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ચાર પોલીસ જવાનો સહિત પાંચ લોકોના મોત થયા હતા. જસ્ટિસ કાલીફુલ્લાએ આ ચુકાદો જાહેર કરતા કહ્યું હતું કે, મૃત્યુદંડની સજા જાળવી રાખવાની બાબત જરૂરી દેખાઈ રહી નથી. સુપ્રીમ કોર્ટે મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી કાઢી હતી.

## મોદીની શપથમાં ભાગ લેવા શરીફને નિમંત્રણ

નવીદિલ્હી, તા. ૨૧

દેશના વડાપ્રધાન બનવા જઈ રહેલા નરેન્દ્ર મોદીની વડાપ્રધાન તરીકેની શપથવિધિમાં સામેલ થવા માટે પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત દક્ષિણ એશિયન ક્ષેત્રિય સહયોગ સંગઠનના સભ્ય દેશોના નેતાઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. તમામ પ્રમુખોને શપથવિધિમાં ભાગ લેવા વિધિવતરીતે આમંત્રણ આપવામાં આવ્યું છે. ભાજપ સંસદીય દળના નેતા અને રાષ્ટ્રીય ગઠબંધનના નેતા ચૂંટાયેલા નરેન્દ્ર મોદી સોમવારના દિવસે દેશના ૧૪માં વડાપ્રધાન તરીકે શપથ લેનાર છે. એમ માનવામાં આવે છે કે, નવાઝ શરીફ સહિત સાર્ક દેશોના નેતાઓને શપથ ગ્રહણ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મંજુરી માંગવામાં આવી છે. નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સાથેની વાતચીતમાં આ વાત કરવામાં આવી હતી. મોદીના આ પગલાની પ્રશંસા જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાહ દ્વારા પણ કરવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આમા વિશ્વના અન્ય દેશો જોડાશે કે કેમ તે અંગે નિર્ણય ટૂંકમાં જ કરવામાં આવશે.

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૨૩મી પૂણ્યતિથિએ તેમને શ્રધ્ધાંજલિ આપવા 'વિર ભૂમિ' ઘાટ પર રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સહિત વિદાય લઈ રહેલા વડાપ્રધાન મનમોહન સિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પુણ્યતિથિ દિવસે રાજીવ ગાંધીને મોદીની અંજલિ

નવીદિલ્હી, તા. ૨૧

ભાજપના નેતા અને નિયુક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજીવન ગાંધીની ૨૩મી પૂણ્યતિથિએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ ઉપર સંદેશમાં મોદીએ રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. રાજીવ ગાંધીની આ ૨૩મી પુણ્યતિથિ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજીવ ગાંધી ૩૧મી ઓક્ટોબર ૧૯૮૪થી બીજી ઓક્ટોબર ૧૯૮૯ સુધી ભાજપના વડાપ્રધાન તરીકે રહ્યા હતા. ભાજપના છઠ્ઠા વડાપ્રધાન તરીકે રાજીવ ગાંધી રહ્યા બાદ રાજીવ ગાંધીએ અનેક મહત્વકાંક્ષી યોજનાઓ પણ શરૂ કરી હતી. દૂર સંચારના ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાની ક્રેડિટ પણ રાજીવ ગાંધીને આપવામાં આવે છે. આજે રાજીવ ગાંધીની પુણ્યતિથિએ કોંગ્રેસના કાર્યકરો દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજીવ ગાંધી શ્રી પેરામ્બદુરમાં બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામ્યા હતા. આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં રાજીવ ગાંધીનું મોત થયું હતું. રાજીવ ગાંધીની સિદ્ધિઓને પણ આજે યાદ કરવામાં આવી હતી.

## લોકોને એટીએમથી ૫૦ રૂપિયાની નોટ મળી શકશે

રાયપુર,તા. ૨૧

સામાન્ય લોકોને હવે જરૂર પડે તો એટીએમમાંથી ૫૦ રૂપિયાની નોટ કાઢવાના પણ વિકલ્પ રહેશે. હવે જરૂર પડે તો પણ ગ્રાહકોને ફરજિયાત પણે મોટી નોટ નોટ કાઢવાની જરૂર પડશે નહી. સાથે સાથે બેંક હવે લોકોને સિક્કા આપવાથી ઈન્કાર કરી શકશે નહી. જુદી જુદી બેંકોના એટીએમમાં માત્ર ૫૦૦ની નોટ હોવાના કારણે ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જરૂર ન હોવાની સ્થિતીમાં પણ લોકોને મોટી નોટ જ કાઢવી પડે છે. તેમને જરૂર કરતા વધારે નાણાં કાઢી લેવાની જરૂર પડે છે. ભારતીય રિઝર્વ બેંકે આ તમામ તકલીફને ઓછી કરવા માટે ખાસ યોજના તૈયાર કરી છે. રીઝર્વ બેંકે હવે તમામ બેંકોને કેટલીક સુચના આપી છે. જેના ભાગરૂપે બેંકોને હવે બે પ્રકારની નોટ રાખવાની સુચના આપવામાં આવી છે. આરબીઆઈએ આદેશ કર્યો છે કે જો એટીએમમાં ૫૦૦ રૂપિયાની નોટ મુકવામાં આવી છે તો તેમાં ૧૦૦ રૂપિયાની નોટ હોવી જરૂરી છે. આવી જ રીતે જો ૧૦૦ રૂપિયાની નોટ છે તો ૫૦ રૂપિયાની નોટ હોવી જોઈએ. આરબીઆઈના આ આદેશ બાદ કેટલીક બેંકો દ્વારા એટીએમમાં ૫૦ રૂપિયાની નોટ નાંખવાની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. બેંકિંગ અધિકારીઓએ કહ્યું છે કે લોકોની સુવિધાને ધ્યાનમાં લઈને આ સેવા શરૂ કરવામાં આવી છે. આ અગાઉ ઓગષ્ટ ૨૦૧૩માં આરબીઆઈના નિર્દેશ બાદ કેટલાક પગલા લેવામાં આવ્યા હતા. એ વખતે આરબીઆઈએ બેંકોને ૧૦૦, ૫૦૦ની નોટની સાથે સાથે ૧૦.૨૦. ૫૦ના નોટ નાંખવાની સુચના આપી હતી. જો કે આ આદેશને બેંકો અમલી બનાવી શકી ન હતી.